# ઘૂંટણનું રિપેર અથવા રિપ્લેસમેન્ટ શું પસંદ કરશો ?

## ઘૂંટણને રિપેર કરવા અંગે ઉદ્‌ભવતા સવાલ તેમ જ તેની સમજ

➞ **ઘૂંટણનું રિપેર કરવું એટલે શું ?**
ઘૂંટણના પડને કાર્ટિલેજ કહે છે. કાર્ટિલેજને નુકશાન થવાના લીધે જ ઘૂંટણનો ઘસારો થાય છે. જો શરૂઆતના તબક્કે જ સચેત થઈ જઈએ તો કાર્ટિલેજનું સંપૂર્ણ રીપેર થવું શક્ય છે.

➞ **કાર્ટિલેજનું રીપેર કઈ રીતે થાય ?**
તે કાર્ટિલેજના ઘસારાનો પ્રકાર, દર્દીની ઉંમર તથા અન્ય બાબતો ધ્યાનમાં રાખીને નક્કી થાય છે. અમુક કેસમાં કાર્ટિલેજને સાંધાના એક ભાગમાંથી બીજા ભાગમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. અન્ય કેસોમાં કાર્ટિલેજના પડને નવું કાર્ટિલેજ બનાવવા માટે ઉત્તેજીત કરવામાં આવે છે. એ ઉપરાંત અન્ય નવી ટેકનોલોજીનો પણ ઉપયોગ થાય છે જેને ઓટોલોગસ કોન્ડ્રોસાયટ ટ્રાન્સપ્લાન્ટેશન કહેવાય છે. આ પધ્ધતિમાં દર્દીના પોતાના કાર્ટિલેજના કોષોને લેબોરેટરીમાં ઉગાડવામાં આવે છે. ચાર અઠવાડિયા પછી લગભગ ૫ કરોડ કોષ લેબોરેટરીમાંથી પાછા મોકલવામાં આવે છે. જેનો ઉપયોગ નવું કાર્ટિલેજ બનાવવા માટે થાય છે.

➞ **તો ફક્ત કાર્ટિલેજનું રિપેર કરવાથી ચાલી જાય ?**
તે ઘૂંટણના અન્ય ઘટકોને તપાસ્યા પછી નક્કી થાય છે, જો અન્ય ઘટકોમાં પણ નુકસાન દેખાય તો તે પણ રિપેર કરવા પડે છે.

➞ **ઘૂંટણના અન્ય ઘટકોનું નુકસાન એટલે શું ?**
ઘૂંટણથી પગ વાંકા થઈ જવા, ઘૂંટણની ગાદી ફાટી જવી અથવા ઘૂંટણનો પટ્ટો તુટી જવો વગેરે.

➞ **એટલે કે હવે આ નવીનતમ ટેકનોલોજીના લીધે બધા જ ઘૂંટણ રિપેર થઈ શકે ?**
મોટાભાગના મધ્ય ઉંમરના દર્દીમાં ઘૂંટણ રિપેર થઈ શકે એવા સ્ટેજમાં હોય છે. પણ અમુક દર્દી ઘૂંટણ રિપેર થઈ શકે એવા સ્ટેજથી મોડા પણ હોઈ શકે છે.

➞ **ઘૂંટણનું રિપેર કરવું એ ઘૂંટણના બદલવા (રીપ્લેસમેન્ટ) કરતા કઈ રીતે સારુ ?**
ઘૂંટણનું બદલવું (રીપ્લેસમેન્ટ) એટલે મેટલ અને પ્લાસ્ટિકનો બનેલો સાંધો નાખવો ! એની અમુક ઉંમર હોય છે. જ્યારે રીપેર થયેલો ઘૂંટણ એ કુદરતી સાંધો છે. એમાં કઈ બદલવાનું હોતું નથી. સફળ ઓપરેશન ઘૂંટણની ઉંમર ૧૦-૧૫ વર્ષ વધારી શકે છે.

**(ઉપરોક્ત સંક્ષિપ્ત પ્રશ્નાવલિ દર્દીની સામાન્ય સમજ માટે છે, વિસ્તૃત જાણકારી માટે ડોક્ટરનો સંપર્ક કરવો.)**



**ઘૂંટણનું રિપ્લેસમેન્ટ**





**ઘૂંટણનું રિપેર**

## ઘૂંટણ રિપેર કરાવવાના લાભ

**દર્દીનો ઘૂંટણ બચાવી શકાય છે. ▶ ઘૂંટણ રિપેર કરાવવાથી ઘૂંટણનું આયુષ્ય ૫-૧૫ વર્ષ વધે છે.**
**ઘૂંટણ રીપ્લેસમેન્ટના ખર્ચ કરતાં ત્રીજા ભાગનો ખર્ચ થાય છે. ▶ સફળતાનો દર ઘણો ઉંચો છે.**
**ઘૂંટણ રીપ્લેસમેન્ટની સારવાર ત્યાર પછી પણ ઉપલબ્ધ રહે છે.**


**ડૉ. દીપક ગોયલ**
MBBS, MS(Orth), DNB(Orth), MNAMS
Diplomate of National Board (Ortho)
Fellowship in Knee Surgery (UK, Sweden, Hungery)
ઘૂંટણના રોગોના નિષ્ણાત સર્જન

**સૌમ્ય ઓર્થોકેર**
ઘૂંટણના ઓપરેશનનું આધુનિક કેન્દ્ર

૨૧૦, બેરોનેટ, સાબરમતી પોલીસ સ્ટેશનની સામે, સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૦૭૯-૨૭૫૭૦૦૨૨, મોબાઈલ : ૯૮૨૫૦ ૬૭૩૩૪

E-mail : clinic@knee.in I Website : http://www.knee.in